ગાંધીનગર સમાચાર

જમ્મુ-કાશ્મીરમાં એક લાખ લોકોને બચાવાયા

શ્રીનગર,તા. ૧૧

જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતીમાં સુધારો થયો છે પરંતુ વહીવટીતંત્ર સામે હવે અનેક પડકારો ઉભા થયા છે. કાશ્મીર ખીણ અને અન્ય ભાગોમાં પુરના પાણી ઉતરતા તંત્રને રાહત થઇ છે. શ્રીનગરમાંથી ૮૦૭ લોકોને બચાવી લેવામાં આવ્યા છે પરંતુ હજુ પણ પાંચથી છ લાખ લોકો જમ્મુ અને કાશ્મીરમાં વિનાશક પુર બાદ મદદની રાહ જોઇ રહ્યા છે. સેના અને અન્ય સુરક્ષા સંસ્થાઓ તમામ પ્રકારની મદદ કરવાની તૈયારીમાં વ્સ્ત છે પ્છતાં સ્થિતિ હજુ પણ સુધરી નથી. પુરના પાણી ઉતર્યા હોવા છતાં અસરગ્રસ્તો સુધી જરૂરી સામગ્રી પહોંચી નથી. એક લાખથી વધુ લોકોને બચાવી લેવામાં તંત્રને સફળતા મળી છે. એકબાજુ ચારેબાજુ ગંદકી અને કાટમાળ છે. બીજી બાજુ મોટી સંખ્યામાં લોકો પોતાના ઘરે જવા માટે તૈયાર નથી. સેના અને અન્ય સુરક્ષા સંસ્થાઓ બચાવ અને રાહત કામગીરીમાં હજુ લાગેલા છે. કુલ ૧૦૦,૦૦૦ લોકોને હજુ સુધી બાચાવી લેવામાં આવ્યા છે. બુધવાર સુધીમાં એનડીઆરએફ દ્વારા ૧૮૬૦૦, સીઆરપીએફ દ્વારા ૨૫૦૦૦ અને સેના દ્વારા ૫૦૦૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા કેટલાક દશકોના સૌથી વિનાશકારી પૂરની સ્થિતિ વચ્ચે બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.કાશ્મીરના પુરની પાણી હવે ઉતરી રહ્યું છે. જુદી જુદી જગ્યાઓએ રાહત છાવણીમાં લોકોને ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ લાખો લોકો હજુ પણ મુશ્કેલીમાં છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું છે કે, રાજ્યમાં સ્થિતિ હજુ પણ ખુબ જ ગંભીર છે. ભારતીય સેનાએ ૭૬૦૦૦ લોકોને બચાવી લીધા છે. પુરના મામલે રાજનીતિ ન રમવા મુખ્યમંત્રીએ અપીલ કરી હતી.હવે સ્થિતિમાં ધીમે ધીમે સુધાર થયો છે. પાણીની સપાટી ઘટી છે. ગયા મંગળવાર બાદથી ભારે વરસાદ, પુર અને મકાન ધરાશાયી થવા સાથે સંબંધિત ઘટનાઓમાં મોતનો આંકડો ૨૦૦થી પણ વધુ પહોંચી ચુક્યો છે. ટેલિકોમ સેવા ઠપ થઇ ચુકી છે. હવાઈ દળના ૬૧ હેલિકોપ્ટરો અને માલવાહક વિમાનો લોકોને રાહત સામગ્રી પહોંચાડી રહ્યા છે. એક લાખથી વધુ જવાનો બચાવ કામગીરીમાં લાગેલા છે. સેના દ્વારા ૧૧૦ નૌકા અને એનડીઆરએફની ૧૪૮ નૌકાઓ મુકવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પુરના કારણે દુરસંચાર સેવા સંપૂર્ણપણે બંધ થઇ છે. મોબાઇલ અને લેન્ડલાઇન સેવા બંધ થઇ છે. વીજ પુરઠવો ખોરવાઇ જવાના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે.

અમિત શાહ સામે ચાર્જશીટ પરત લેવા આદેશ

મુઝફ્ફરનગર,તા.૧૧

ભાજપના પ્રમુખ અમિત શાહના ઉશ્કેરણીજનક ભાષણના મામલામાં આજે નવો વળાંક આવ્યો હતો. મુઝફ્ફરનગર કોર્ટે હવે દાખલ કરવામાં આવેલી પોલીસ ચાર્જશીટને પરત કરી દીધી છે. જેના લીધે મુઝફ્ફરનગરની પોલીસને મોટો ફટકો પડ્યો છે. આ મામલામાં પહેલા પોલીસે ચાર્જશીટમાં કલમો ઉમેરી દીધી હતી. પરંતુ ત્યારબાદ કોર્ટમાં દાખલ કરતી વેળા વધારવામાં આવેલી કલમોને દૂર કરી દેવામાં આવી હતી. હકીકતમાં બુધવારના દિવસે પોલીસે અમિત શાહની સામે એસીજેએમ-ઉની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી જેમાં અમિત શાહની સામે ૧૮૮, ૧૨૩ (૩) હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આજે કોર્ટે આ ચાર્જશીટને એમ કહીને પરત કરી દીધી હતી કે, પોલીસે ૧૭૩/૨ સીઆરપીસી હેઠળ કાર્યવાહી કરી નથી. એટલે કે આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યા ન હતા. આરોપીને કસ્ટડીમાં લેવા અંગે કોર્ટમાં રજૂ કરવાના કોઇ પ્રયાસ કરાયા ન હતા. જેના પરિણામ સ્વરુપે કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે બીજા ઘણા વાંધા પણ ઉઠાવ્યા છે. કોર્ટે કહ્યું છે કે, કલમ ૧૮૮ની ફરિયાદ મેજિસ્ટ્રેટ દ્વારા થવી જોઇએ. અત્રે ઉલ્લેખનીય છે કે, બુધવારના દિવસે બીએસપી નવીમંડી દ્વારા મિડિયાની સામે નિવેદન કરવામાં આવ્યું હતું કે, અમિત શાહની સામે તપાસ

દરમિયાન તપાસ અધિકારી દ્વારા શાહ ઉપર ૧૫૩એ, ૫૦૫ અને ૨૯૫ કલમ ઉમેરવામાં આવી છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, બુધવારના દિવસે અમિત શાહની સામે જ્યારે ચાર્જશીટ દાખલ કરવામાં આવી ત્યારે આ કલમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. માત્ર બે કલમો જ ચાર્જશીટમાં હતી. લોકસભા ચૂંટણી દરમિયાન અમિત શાહે અનેક જગ્યાએ સભાઓ કરી હતી જે દરમિયાન વાંધાજનક ભાષણ આપવામાં આવ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન ચોથી એપ્રિલના દિવસે વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું જેમાં જાટ સમુદાયના લોકોને અપમાનનો બદલો લેવાની વાત કરવામાં આવી હતી. આ અગાઉ મુઝફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસા ફેલાઈ હતી. અમિત શાહની સામે મુઝફ્ફરનગર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તેમની સામે ધાર્મિક ભાવનાઓને ભડકાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ભાજપના નેતા અમિત શાહે લોકસભાની ચૂંટણી દરમિયાન ચૂંટણી સભામાં ભાષણ આપ્યું હતું જેના ઉપર જોરદાર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો અને તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. વિરોધ પક્ષોનો આક્ષેપ હતો કે, ભાજપના નેતા મતોના ધ્રુવીકરણ કરવા માટે નિવેદન કરી રહ્યા છે. લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન અમિત શાહે દ્વારકાપુરી સ્થિત એક આવાસમાં આયોજિત સભામાં વિવાદાસ્પદ નિવેદન કર્યુંહતું. નવી મંડીમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો તે વખતે અમિત શાહ ભાજપના ઉત્તરપ્રદેશના ચૂંટણી પ્રભારી હતા. અમિત શાહ કેસમાં નવો વળાંક આવતા પેટાચૂંટણીમાં આ મુદ્દો ચમકે તેવી શક્યતા દેખાઈ રહી છે.

પોન્જી સ્કીમ કેસ : બીજેડીના ધારાસભ્યની પૂછપરછ થઈ

ભુવનેશ્વર,તા. ૧૧

પોન્જી સ્કીમ અથવા તો લોકોને લાલચ આપતી સ્કીમના સંદર્ભમાં સીબીઆઈએ બીજેડીના ધારાસભ્ય અને અખબારના માલિકની આકરી પૂછપરછ કરી છે. અખબારના માલિક અને બિલ્ડર મધુમોહનતીની પોન્જી સ્કીમ કંપની અર્થા તત્વ ગ્રુપ સાથેના સંબંધ બદલ મધુ મોહંતીની પૂછપરછ કરી છે. સીબીઆઈ સુત્રોનું કહેવું છે. મધુ મોહંતીની લાંબા સમય સુધી પૂછપરછ કરવામાં આવી હતી. ધર્મશાળા વિધાનસભા બેઠકના બીજેડી ધારાસભ્ય પ્રણબ બાલાબંત્રીની પણ આકરી પૂછપરછ કરવામાં આવી છે. ગઈકાલે મોડી રાત્રે ૧૨:૧૫ વાગ્યે પૂછપરછ શરૂ થઈ હતી જે આજે વહેલી સવાર સુધી ચાલી હતી. બીજેડીના ધારાસભ્ય અને અખબારના માલિકની પૂછપરછ કરવામાં આવતા ઓરિસ્સામાં પણ રાજકીય ગરમી વધી ગઈ છે. બાલાબંત્રી બીજેડીના ઉપપ્રમુખ અને વર્તમાન રાજ્યસભાના સાંસદ કલ્પવ્રુ દાસના પુત્ર છે. જમીન કૌભાંડમાં આરોપી રહી ચુકેલ બાલાબંત્રીએ અગાઉ એક કેસના સંબંધમાં શરણાગતિ સ્વીકારી હતી. મોહંતી ઓરિયા અખબાર ઓડિસ્સા ભાસ્કરના માલિક છે. સીબીઆઈની ઓફિસ પર બે કલાક સુધી પુછપરછ કરાઈ હતી. મોહંતીએ મોડેથી પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તપાસ સંસ્થા સમક્ષ તેઓ સ્પષ્ટીકરણ આપી ચુક્યા છે. સીબીઆઈએ ઓરિસ્સા ક્રિકેટ એસોસીએશનના સેક્રેટરીની પણ પૂછપરછ કરી છે. ગયા મહિને સીબીઆઈએ વ્યાપક દરોડા પાડ્યા હતા. ગઈકાલે જ સીબીઆઈ દ્વારા ન્યુઝચેનલ ચલાવનાર મનોજદાસની પણ પૂછપરછ કરી હતી.

આઈએસના ત્રાસવાદી સામે સિરિયામાં હુમલાનો આદેશ

વોશિંગ્ટન,તા. ૧૧

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ વિશ્વના અનેક દેશોમાં તેના નેટવર્કને ફેલાવવાના પ્રયાસમાં રહેલા ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓ સામે સિરિયામાં અમેરિકી હાવઈ હુમલા કરવાનો આદેશ આપી દીધો છે. ઓબામાએ આદેશ આપી દીધા બાદ હવે હવાઇ હુમલા કોઇ પણ સમયમાં કરવામાં આવનાર છે. બુધવારની રાત્રે પ્રથમ વખત સિરિયામાં અમેરિકી હુમલા કરવાનો ઓબામાએ આદેશ કર્યો હતો. સાથે સાથે ઈરાકમાં તેના હુમલાઓને વધારવા માટેની પણ સુચના આપી હતી. ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓની પ્રવૃતિ પર બ્રેક મુકી દેવાના હેતુથી આ આદેશ કરવામાં આવ્યો છે. ઈરાક અને સિરિયામાં આઇએસની વધતી પ્રવૃતિ અને તેના વધતા આતંકને ધ્યાનને લઈને ઓબામાએ આ આદેશ કર્યો છે. વ્હાઈટ હાઉસથી રાષ્ટ્રને સંબોધનમાં ઓબામાએ જાહેરાત કરી હતી કે અમારા દેશ સામે ખતરો બની રહેલા ત્રાસવાદીઓનો અમે ખાતમો કરવા કટિબદ્ધ છીએ. તેમણે કહ્યું હતું કે અમેરિકાને ધમકી આપનાર લોકો ક્યા પણ છુપાઇ શકશે નહી. ઓબામાએ જાહેરાત કરી હતી કે તેઓ ઈરાકમાં મદદ કરવા માટે તેઓ ૫૦૦ વધુ અમેરિકી સેનિકોને મોકલી રહ્યા છે. જેથી ઈરાકમાં રહેલા સૈનિકોની સંખ્યા હવે વધીને ૧૦૦૦ થઇ જશે. ઓબામાની જાહેરાત બાદ વિશ્વમાં ફરી એકવાર ઉથલપાથલ થવાના સંકેત દેખાઇ રહ્યા છે. વોશિંગ્ટનમાં વ્હાઇટ હાઉસથી ઈસ્લામિક સ્ટેટ સામે લશ્કરી કાર્યાવાહી માટે તેમની યોજના અંગે ઓબામાએ રાષ્ટ્રને વાત કરી હતી. અમેરિકી પ્રમુખે દેશને સંબોધન કર્યું હતુ. ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૧ના દિવસે અમેરિકામાં કરવામાં આવેલા ભીષણ હુમલાની પૂર્વ સંધ્યાએ અમેરિકી પ્રમુખે કહ્યું હતું કે વિવિધ મામલે વિસ્તારપૂર્વક વાત કરી હતી.ઓબામાએ આઇએસની સામે જંગની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ઈરાક અને સિરિયામાં છુપાયેલા ત્રાસવાદીઓનો સફાયો કરવાનો તેમની પાસે અધિકાર છે. તેમણે કહ્યું હતું કે આના માટે અમેરિકી સંસદની મંજૂરી લેવાની પણ કોઇ જરૂર નથી. સિરિયામાં અમેરિકાના હવાઇ હુમલાને ખુબ મહત્વૂપર્ણ ગણવામાં આવે છે. કારણ કે અહીમ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ છુપાયેલા છે. અમેરિકાની છેલ્લા કેટલાક દિવસતી આઇએસની ગતિવિધી પર નજર હતી. એમ માનવામાં આવે છે કે અમેરિકી પત્રકારોની હત્યા કરવામાં આવ્યા બાદથી અમેરિકા કઠોલ વલણ અપનાવવાની તૈયારીમાં હતુ. ઈરાક અને સિરિયા બન્ને જગ્યાએ જમીની કાર્યાવાહી કરવામાં આવસે નહી માત્ર હવાઇ હુમલા કરવામાં આવનાર છે. ત્રાસવાદીઓ સામૂહિક હત્યા કરવા માટે ક્રુર બન્યા છે.

નવેમ્બરમાં પ્રથમ હાઈસ્પીડ ટ્રેન દોડાવવાની તૈયારી શરૂ

કપૂરથલા,તા. ૧૧

ભારતમાં હાઈસ્પીડ ટ્રેન શરૂ કરવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કર્યા બાદથી એક પછી એક નવા પ્રોજેક્ટો ઝડપથી આગળ વધી રહ્યા છે. હવે ભારતની પ્રથમ હાઈસ્પીડ ટ્રેન નવેમ્બરમાં દિલ્હી-આગ્રા સેક્શન ઉપર દોડાવવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ ટ્રેનના ૧૪ કોચ રહેશે. નવેમ્બર મહિનામાં આ કોચ તૈયાર થઈ જશે. આ ટ્રેન પ્રતિકલાક ૧૬૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે દોડશે. હાઈ સ્પીડ કોચને નવી ડિઝાઈન સાથએ તૈયાર કરવામાં આવ્યા છે. કપૂરથલા રેલ કોચ ફેક્ટ્રીના જનરલ મેનેજર પ્રમોદ કુમારે કહ્યું છે કે, નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં દિલ્હી-આગરા સેક્શન ઉપર પ્રથમ હાઈસ્પીડ ટ્રેન દોડાવવામાં આવશે. રિસર્ચ ડેવલપમેન્ટ એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન સાથે વાતચીત કરીને કપૂરથલા રેલ કોચ ફેક્ટ્રીના એન્જિનિયરોએ નવા કોચમાં ફેરફાર કર્યા છે. તેમની ડિઝાઈન બદલવામાં આવી છે. તેમણે કહ્યું છે કે, શતાબ્દી અને રાજધાની કરતા પણ વધુ આરામ દાયક યાત્રા વધુ કરી શકે તેનો મુખ્ય હેતુ છે. આ ટ્રેનમાં સ્મોક અને ફાયર શોધી કાઢે તેવા સાધનો પણ ગોઠવવામાં આવ્યા છે. ટીવીની વ્યવસ્થા પણ અંદર રહેશે. ચેર કારની પાછળ એલઇડી ફિટિંગ સાથેની વ્યવસ્થા રહેશે. જાણકાર લોકોનું કહેવું છે કે, આ ટ્રેન ખુબ જ સફળતા મેળવે અને પોતાની લોકપ્રિયતા જગાવે તેવી શક્યતા છે. યાત્રીઓને પણ આ ટ્રેન આકર્ષિત કરી શકશે. એક હાઈસ્પીડ કોચનો અંદાજિત ખર્ચ ૨.૨પથી ૨.૫૦ કરોડનો રહેશે. કેટલાક ફેરફાર કરીને ૨૦૦ કિલોમીટરની પ્રતિકલાકની ઝડપે આ ટ્રેન દોડી શકે તેવા હાઈસ્પીડ કોચ ડિઝાઇન ઉપર

કામ ચાલી રહ્યું છે.

ઓટોમેટિક આઉટરડોર અને બ્રેકિંગ સિસ્ટમમાં ફેરફાર કરાયા છે. શતાબ્દી અને રાજધાની માટે આરસીએફમાં તૈયાર કરાયેલા હાઈસ્પીડ કોચ પણ ઉપયોગી થઇ શકે. દિલ્હી-આગરા સેક્શન ઉપર આ કોચ ઉપર ટ્રાલની પ્રક્રિયા શરૂ થઇ ચુકી છે. પસંદગીના રૂપટ પર રેલવે હાઈસ્પીડ ટ્રેનની જાહેરાત કરવામાં આવી ચુકી છે. રેલવે બજેટમાં રેલવેમંત્રી સદાનંદ ગૌડા દ્વારા હાઈસ્પીડ ટ્રેનની જાહેરાત કરવામાં આવી છે.

ભારતની ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ શાકાહારને પ્રોત્સાહત આપવા 'પેટા'ની એક જાહેરાતમાં પોઝ આપ્યો હતો. આ જાહેરાતમાં સાનિયા લોકોને જાનવર ખરીદવાને બદલે દત્તક લેવા અનુરોધ કરી રહી છે.

આઈએસમાં સામેલ થવા ઈચ્છુક ૧૫ ઝડપાઈ ગયા

હૈદરાબાદ,તા. ૧૧

તેલંગાણા પોલીસે ૧૫ એવા એન્જિનીયરીંગ વિદ્યાર્થીઓને પકડી પાડ્યા છે કે જે ઈરાક અને સીરિયા જઈને આતંકવાદી સંગઠન આઈએસમાં સામેલ થવા ઈચ્છુક હતા. આ લોકો ઘરેથી આતંકવાદી સંગઠનમાં સામેલ થવા ભાગી ગયા હતા. ઝડપાયેલાઓમાં એક યુવતી પણ સામેલ છે. આ તમામ શખ્સો આ જ સપ્તાહમાં પોતાના ઘરેથી લાપતા થઈ ગયા હતા.

પરિવાર પાસેથી ફરીયાદ મળ્યા બાદ તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તપાસના આધારે પશ્ચિમ બંગાળમાંથી આ તમામ શખ્સોને પકડી લેવામાં આવ્યા છે. પોલીસનું કહેવું છે કે, તપાસમાં એવું જાણવા મળ્યું છે કે, ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થવાની આ શખ્સોની યોજના હતી. પોલીસનું કહેવું છે કે, જેહાદી સંગઠન યુવાનોને લાલચ આપવાના તમામ પ્રયાસ કરી રહ્યા છે. પોલીસે આ લોકોની ધરપકડ કરી છે પરંતુ તેમની સામે કોઈ કેસ દાખલ કર્યો નથી. પૂછપરછ કરીને તેમની પાસેથી વધુ માહિતી મેળવવાના પ્રયાસ હાથ ધરાયા છે. પોલીસે તેમના નામ જાહેર કર્યા નથી. પોલીસનું કહેવું છે કે આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ જેહાદના નામે મુસ્લિમ સંસ્થાને મજબુત કરવા ઈચ્છુક છે.

ઓડી ક્યુ-૩ ડાયનેમિક કારને લોંચ કરી દેવાઈ

ચેન્નાઈ,તા. ૧૧

તહેવારની સિઝન શરૂ થઈ ચુકી છે ત્યારે જુદી જુદી કાર કંપનીઓ ગ્રાહકોને આકર્ષિત કરવાના પ્રયાસમાં લાગી ગઈ છે. હવે જર્મનની લકઝરી કાર બનાવતી કંપની ઓડીએ ઓડી ક્યુ ૩ ડાયનેમિક લોંચ કરી દીધી છે. ભારતીય માર્કેટમાં ઓડી ડ્રાઈવ સિલેક્ટ સાથે આની શરૂઆત કરવામાં આવી છે. ઓડી ક્યુ ૩ ભારતમાં સૌથી વધુ વેચાતી લકઝરી એસયુવી કાર છે. આ નવી કાર આવ્યા બાદ લકઝરી એસયુવી સેગ્મેન્ટમાં ઓડી વર્ચસ્વ જમાવવાની યોજના ધરાવે છે. આ કારની કિંમત મુંબઈના એક શો રૂમ પર ૩૮.૪૦ લાખ રૂપિયા રાખવામાં આવી છે. આ કાર ભારતમાં તમામ ડિલરશીપ ઉપર ઉપલબ્ધ રહેશે. ઓડી ક્યુ ૩ ભારતમાં કોમ્પેક્ટ લકઝરી એસયુવી છે. અન્ય કાર કંપનીઓ પણ પોતાની નવી ગાડીઓ તહેવારની સિઝનમાં લાવવાની યોજના ધરાવે છે જેમાં મર્સિડિઝ અને બીએમડબલ્યુનો સમાવેશ થાય છે. આવનાર દિવસોમાં આ કાર કંપનીઓ પણ તેમની નવી કાર લોંચ કરે તેવી શક્યતા છે. તહેવારમાં જુદી જુદી ગાડીઓની માંગ હંમેશા વધે છે.

ડોલરની સામે રૂપિયો ૬૦.૯૨ની સપાટીએ

નવીદિલ્હી,તા. ૧૧

ડોલર સામે રૂપિયામાં આજે સતત બીજા દિવસે ઘટાડો રહ્યો હતો. કારોબારના અંતે રૂપિયો આજે ૬૦.૯૨ની સપાટીએ રહ્યો હતો. રૂપિયામાં ઘટાડો થવા માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા છે. એકબાજુ શેરબજારમાં મંદી પણ જવાબદાર દેખાઈ રહી છે. બીજી બાજુ વૈશ્વિક બજારમાં પ્રવાહની અસર પણ જોવા મળી રહી છે. સીપીઆઈના આંકડા આવતીકાલે જાહેર કરી દેવામાં આવનાર છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો અને સ્થાનિક રોકાણકારો હાલમાં વેચવાલી તરફ આગળ વધ્યા છે ત્યારે રૂપિયામાં ઘટાડો થયો છે. આજે ડોલર સામે રૂપિયો ૬૦.૯૨ની સપાટીએ રહ્યો હતો. બુધવારના દિવસે રૂપિયો ૬૦.૯૪ની સપાટીએ રહ્યો હતો.

ફરી અણુ સક્ષમ અગ્નિ-૧ મિસાઈલનું સફળ પરિક્ષણ

ભુવનેશ્વર,તા. ૧૧

ભારતે આજે સ્વદેશી રીતે વિકસીત કરવામાં આવેલી પરમાણુ સક્ષમ ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરતી અગ્નિ-૧ મિસાઈલનું ઓરિસ્સામાં લશ્કરીબેઈઝ ખાતેથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. રાજ્યના પાટનગર ભુવનેશ્વરથી આશરે ૧૭૦ કિલોમીટરના અંતરે સ્થિત ભાદરજ જિલ્લામાં ધર્માનજીક વિલર આર્યલેન્ડ ખાતેની સુવિધાથી યુઝર ટ્રાયલના ભાગરૂપે આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સશસ્ત્રદળો દ્વારા આનું પરીક્ષણ કરાયું હતું.

આ અતિઆધુનિક મિસાઈલ ૭૦૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે અને તે એક ટન ન્યુક્લીયર વોરહેડ લઈને ત્રાટકી શકે છે. ટેસ્ટ રેન્જના ડિરેક્ટર એમવીકેવી પ્રસાદે માહિતી આપતા કહ્યું હતું કે, મિસાઈલનું પરીક્ષણ સંપૂર્ણપણે સફળ રહ્યું છે. અગ્નિ ઈન્ટરમીડીયટ રેન્જની બેલાસ્ટીક મિસાઈલ છે. તે સોલીડ પ્રોપલ્સન બુસ્ટરનો ઉપયોગ કરે છે. ભારતની પ્રથમ સ્વદેશીરીતે વિકસીત કરવામાં આવેલી મિસાઈલ પૃથ્વી બાદ અગ્નિપણ અતિઆધુનિક અને ખૂબ જ અસરકારક મિસાઈલ છે.

સમાચાર ઝલક

- બ્રિટિશ સરકારની લોટરીના નામે સૂરતના નિવૃત્ત ઈજનેરને ૬૬ લાખની છેતરપિંડીનો ચુનો લાગ્યો.
- આણંદમાં જિલ્લા પોલિસ વડાની કચેરીના નોડલ અધિકારી સામે કોર્ટની અવગણના બદલ નોટિસ.
- આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના એટીએમમાંથી કાર્ડ વગર પણ નાણાં ઉપાડી શકાશે.
- ૬ વર્ષ બાદ જીપીએસસીની વર્ગ-૧ની પરીક્ષામાં ચાર લાખ કરતાં વધુ ઉમેદવારો.
- જાહેરમાં ધુમ્રપાન ઉપર હવે ૨૦ હજાર રૂપિયાનો જંગી દંડ ફટકારાશે.
- સમય બડા બળવાન...વિજય માલિયાને બીજો ફટકો-એસ.બી.આઈ.એ ફટકારી નોટિસ.
- આ વર્ષે ગુજરાતીઓએ સૌથી વધુ સંખ્યામાં માનસરોવરની યાત્રા કરી.
- દક્ષિણ કોરિયામાં ૧૯મીથી એશિયાડ રમતોત્સવ. ભારતના ૬૭૯ ખેલાડીઓ ભાગ લેશે.
- કેન્દ્ર સરકારમાં કર્મચારીઓ કરતાં પેન્શનર બાબુઓ વધી ગયા.
- કેરળમાં ઈડલી ખાવાની સ્પર્ધામાં ગળાના ઈડલીનો ટુકડો ફસાતાં આધેડનું મોત.
- જુનાગઢના જ્યોતિષી હસમુખભાઈ સામાણીની આગાહી ૨૦મી સુધી વાવાઝોડા સાથે ભારે વરસાદ.
- સરકારી અધિકારી ન હોય તેવા પતિ-પત્નીની મિલકત જાહેર કરવાના આદેશ સામે હાઈકોર્ટનો સ્ટે.
- લેઉવા પટેલ પ્રગતિ મંડળ સમુહ લગ્નમાં કરિયાવર પેટે અદ્યતન ટોયલેટ બંધાવી આપશે.
- રોગચાળાનો ફુંફાડો, ઝાડા-ઉલ્ટી-શરદી-ઉધરસના ગુજરાતમાં વધતા કેસો.
- ગુજરાતમાં ચીન ૩૦ હજાર કરોડનું રોકાણ કરશે.